અપીલ અરજી નં.૧૬૧ તા.૮–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી એમ.કે.એન્ટરપ્રાઈઝ
સામાવાળાઃ– ઈ.ચા. સ્ટોર્સ (સુપ્રિ.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ.કે.એન્ટરપ્રાઈઝની તા.૨–૬–૧૧ની અરજીથી ટેન્ડર નોટીસ નં. ડી.સી(એસ)સી.એસ.૧૩–૨૦૧૦–૧૧ કામ નં. ૧ ટેન્ડર બાબતે કોટા સ્ટોન માણીયા અર્થ મુવર્સ સુરત ધ્વારા ટેકનીકલ બીડ જોડે પેપર્સ ની પુર્ણ જાણકારી ની ઝેરોક્ષ નકલ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૮–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૧/૨૦૧૧–૧૨

શ્રી એમ.કે.એન્ટરપ્રાઈઝની તા.૨–૬–૧૧ની અરજીથી ટેન્ડર નોટીસ નં. ડી.સી(એસ) સી.એસ.૧૩–૨૦૧૦–૧૧ કામ નં. ૧ ટેન્ડર બાબતે કોટા સ્ટોન માણીયા અર્થ મુવર્સ સુરત ધ્વારા ટેકનીકલ બીડ જોડે પેપર્સ ની પુર્ણ જાણકારીની ઝેરોક્ષ નકલ આપવા બાબતે ઈ.ચા. સ્ટોર સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સી.એસ/ડબલ્યુ.એ.સી/૨૩૬ તા.૪/૭/૧૧ થી માન્યા અર્થ મુવર્સના સંપુર્ણ પેપર નહી આપવાના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે જો ઈન્કાર કરેલ હોય તો કાયદાની કઈ કલમ હેઠળ કરેલ છે અને તેની વિગતો અરજદારને જણાવેલ છે કે કેમ ? તે પણ આધાર સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૬ તા.૧૪–૭–૧૧ થી ઈ.ચા. સ્ટોર્સ (સુપ્રિ.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ) તથા અરજદારને મુળ અરજીના અપીલના મુદ્દા –નારાજગી મુદ્દા આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.એસ./ડબલ્યુ/એસી/૨૫૯ તા.૧૯–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને સમય અવધિમાં નાણા ભરવા પાઠવેલ પત્ર નં.સી.એસ/૪૦૮ તા.૨૯–૬–૧૧ નાપત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. નં.સી.એસ./ડબલ્યુ/એસી/૨૩૬ તા.૪–૭–૧૧ ના પત્રની નકલ, સુમપાનું નમુનો–૪ નોંધણીપ્રમાણપત્રની નકલ, ભાવનગર રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગનું નોંધણી પ્રમાણપણત્રની નકલ , સરદાર સરોવર નર્મદા નિગમનો તા.૨૪–૬–૦૩ નો બોન્ડનું સર્ટીફીકેટની નકલ, પ્રોફેસનલ ટેક્ષ ભર્યા અંગે તા.૧૨–૩–૧૧ ની રસીદની નકલ ,અરજદારને તા.૨૮–૧૧–૦૮ અને ૨૮–૧–૦૯ ૨ફ કોટા સ્ટોન અંગે પાઠવેલ પત્રની નકલ, અરજદારે ભરેલ દસ્તાવેજ ફી ની રસીદ નં.૩૮૨૨૩૦ તા.૪–૭–૧૧ ની નકલ, જાહેર માહિતી અધિકારીએ કલમ–૧૧ હેઠળ ત્રાહિત પક્ષકારને તા.૨૮–૬–૧૧ ના રોજ પાઠવેલ પત્ર, તથા ત્રાહિત પક્ષકાર ધ્વારા તા.૨૮–૬–૧૧ના રોજ આપેલ પ્રત્યુત્તરની નકલ જાહેર માહિતી અધિકારીએ કલમ–૧૧ હેઠળ લીધેલ નિર્ણય અંગે નં.સી.એસ./ડબલ્યુ/એસી/૪૫૩ તા.૧૩–૭–૧૧ના પત્રની નકલ, તથા આરટીઆઈ એકટની કલમ–૮ ની અપવાદની જોગવાઈઓની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની ટેન્ડર નોટીસ ૧૩/૨૦૧૦–૧૧ અંગે માણીયા અર્થ મુવર્સ ધ્વારા રજૂ થયેલ પેપર્સની નકલોની માહિતી માંગતી અરજી સ્ટોર્સ સુપ્રિ . સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.એસ/ ૪૦૮ તા.૨૯–૬–૧૧ થી અરજદારની અરજી સંબંધે " માણીયાઅર્થ મુવર્સ સુરત ધ્વારા ટેકનીકલ બીડ જોડે રજૂ કરવામાં આવેલ પેપર પૈકી આંશિક માહિતી જેવી કે (૧) સુરત મહાનગપાલિકાની રજીસ્ટ્રેશન નકલ (૨) રોડ એન્ડ બીલ્ડીંગ ડીપાર્ટમેન્ટ રજીસ્ટ્રેશન નકલ (૩) સરદાર સરોવાર નર્મદા નિગમના બોન્ડની નકલ (૪) પ્રોફેશનલ ટેક્ષની રસીદની નકલ (૫) કરેલ કામોની યાદીની નકલ તેમને મળવા પાત્ર છે. સદર માહિતી અને દસ્તાવેજો માટે જણાવેલી વિગતો અનુસાર રૂા.૧૨/– (અંકે રૂપિયા બાર પૂરા) જમા કરાવાનું તેમને ફરમાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧–૭–૧૧ ના રોજ પત્રથી સંદિપભાઈ ગોસ્વામીને રૂબરૂ આપવા જણાવેલ. જે અંગે સેન્ટ્રલ સ્ટોર્સની રસીદ નં.૩૮૨૨૩૦ તા.૪–૭–૧૧ ના રોજ નાણા ભરપાઈ કરેલ . જેના સંદર્ભે પત્ર નં.સી.એસ.ડબલ્યુ/એસી/૨૩૬ તા.૪–૭–૧૧ ના રોજ અરજદારને સદર માહિતી નકલ સહિત આપવામાં આવેલ. જે અંગે અરજદારે તે જ તારીખે માહિતી સ્વીકાર્યા અંગેની સહી પણ કરેલ છે. જે બાબતે અરજદારે માન્યા અર્થ મુવર્સના સંપૂર્ણ પેપર ન આપવાથી તા.૬–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે અરજદારને અપીલના મુદ્દા અને નારાજગી આધાર સહ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ પૂરક વિગતો રજૂ થયેલ

નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ પૂરક વિગતોમાં કલમ–૮ અને કલમ–૧૧ ની અપવાદની જોગવાઈઓ જણાવી માહિતી નહીં આપવા અંગે અરજદારને પત્ર નં. સી.એસ./૪૫૩ તા.૧૩–૭–૧૧ ના પત્રથી જણાવવામાં આવેલ છે. જેમાં કલમ–૮ (૧) (ઘ) ની જોગવાઈ જણાવતો કાયદાનો પેજ નં.૧૨ ટાંકીને સક્ષમ સત્તાધિકારીને ખાતરી થાય કે વિશાળ જાહેર હિતમાં આવી માહિતી પ્રગટ કરવી જરૂરી છે તે જોગવાઈઓમાં વાણિજયક, ગોપનીયતા, ધંધાકીય રહસ્યો અથવા બૌધ્ધિક સંપદાનો સમાવેશ કરતી માહિતી જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પર્ધાત્મક સ્થિતિને નુકશાન થઈ શકે તેમ હોય તેવી કોઈ માહિતીનો માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં તેવી ટીકમાર્ક સાથે જણાવેલ છે. વધુમાં કલમ–૧૧ હેઠળ તા.૨૮–૬–૧૧ ના રોજ ત્રાહિત પક્ષકાર માણીયા અર્થ મુવર્સ ને પત્ર પાઠવી કલમ–૧૧ મુજબ તેમની વિગતો ની માહિતી માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી તા.૨૮–૬–૧૧ ની તારીખ ધરાવતો તા.૪–૭–૧૧ ના રોજ રજૂ કરેલ પત્ર એમ કે. એન્ટરપ્રાઈઝ રામગજમંડી જેઓ કોટા સ્ટોન સપ્લાયર્સ છે તે અમારા કામોના પ્રતિસ્પર્ધી છે તેથી અમારા કોઈ પણ પ્રકારના પત્રો તેમને આપવામાં આવે તો દુર ઉપયોગ થઈ શકે તથા અમારા ડોકયુમેન્ટની માહિતી ત્રાહિત વ્યકિતને આપવામાં આવે તો ભવિષ્યમાં અમારી સંસ્થાને નુકશાન થવાની શકયતા છે. તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી બંને પક્ષોની રજૂઆત બાદ લેવાયેલ નિર્ણય અંગે અરજદારને પત્ર નં.સી.એચ./૪૫૩ તા.૧૩–૭–૧૧ થી " પત્ર ક્રમાંક સીએસ / ડબલ્યુ/ એસી/૨૩૬ તા.૪–૭–૧૧ ના રોજ રૂરી દસ્તાવેજોની નકલ નંગ–૦૬ આપવામાં આવેલ. તેમ છતાં તેમના પત્ર ફેકસ નં.૨૨૧૯૬૬ , તા.૧–૭–૧૧ થી માણીયા અર્થ મુવર્સ સુરતે ટેકનીકલ બીડ રજૂ કરેલ તેઓના અંગત પેપર્સ જેવા કે (૧) પાન કાર્ડની નકલ (૨) બેંક સોલ્વન્સી સર્ટીફીકેટ (૩) ઈન્કમ ટેક્ષ રીટર્નની નકલો. (૪) વેચાણ વેરા સર્ટીફીકેટની નકલ (૫) વાણિજય વેરા સર્ટીફીકેટની નકલ વગેરે પૂરી પાડવા "માણીયાઅર્થ મુવર્સ સુરતે અસંમતિ દર્શાવેલ હોય માહિતી અધિકાર અધિનિયમ–૧૧(૧) હેઠળ સદર પેપર્સની નકલો મળવા પાત્ર નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને પત્ર નં.સી.એસ./ડબલ્યુએસી/૨૩૬ તા.૪–૭–૧૧ થી આશિક માહિતી પૂરી પાડેલ છે તથા તેની નકલો અત્ર ે રજૂ કરેલ છે. જયારે પત્ર નં.સી.એસ./૪૫૩ તા.૧૩–૭–૧૧ થી કલમ–૮ અને ૧૧ હેઠળ ઈન્કાર કરેલ માહિતી બાબતે અરજદારને તેની વિગતો આપવામાં આવેલ છે. આમ અરજદારને માંગેલ માહિતીની અપવાદ હેઠળની નકલો સિવાય સંપુર્ણ વિગત આપવામાં આવેલ છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર સ્ત્રોત હેઠળ ગણેલ તેવી માહિતી નકલો સહિત જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ તથા અરજદારની અન્ય દસ્તાવેજોની નકલો કલમ–૮ અને ૧૧ હેઠળ ઈન્કાર બાબતે જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય ગ્રાહય રાખવામાં આવે છે આથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. સ્ટોર્સ (સુપ્રિ.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી એમ.કે.એન્ટરપ્રાઈઝ